## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બહુ અઘરૂ કામ સોપ્યુ છે... પુલ રીપેર કરવાવાળાને ખબર હોત તો આવુ રીપેર કર્યુ ન હોત... હવે આનુ કરાણ આપણે ઓફિસમાં બેસીને શોધવાનું છે...



કોલવડા સ્થિત પાટીદાર રામજી મંદિરને ૭૫ વર્ષ પૂર્ણ થતા અમૃત મહોત્સવની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવી હતી. આ અવસરે ગામમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. પીળા કલરના વસ્ત્રોમાં સજ્જ યુવાનો અને મહિલાઓએ આકર્ષણ જમાવ્યુ હતુ. ૩૫૦૦થી વધુ ગ્રામજનો જોડાતા ગામમાં અદ્‌ભૂત ધાર્મિક માહોલ છવાયો હતો. બ્રાહ્મણો દ્વારા વેદના મંત્રોચ્ચાર ઉપરાંત પ્રધાનહોમ, આરતી જેવા યજ્ઞ કર્મોથી પણ કાર્ય શરૂ થયુ હતુ.

## ખૂણેખાંચરેથી

● રાજ્યના ગૃહ વિભાગે આજે ૧૨ આઈ. પી. એસ. અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.

● ગાંધીનગર જિલ્લામાં નવ નિયુક્ત થયેલા ૭૩ પંચાયતની વિવિધ સંવર્ગના કર્મચારીઓ તેમની ફરજના સ્થળે હાજર થઈ ગયા છે.

● રવિ સીઝનનું વાવેતર જિલ્લામાં સારૂ થશે તેવુ ખેડૂતોનું કહેવુ છે. હાલ રાત્રિના સમયે જે રીતે ઠંડી પડી રહી છે અને આગામી દિવસોમાં તે પલ્ટાશે. રવિ સીઝનના વાવેતરની શરૂઆત ૧૫મી નવેમ્બર પછી થતી હોય છે.

● રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પી.સી. ભારથીએ આજે જિલ્લાઓમાં ચૂંટણીઓની ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો પારો ૩૬ ડિગ્રીએ પહોંચ્યો હતો.

● રાજ્ય હજ સમિતિના અધ્યક્ષપદે ઈકબાલ સૈયદને આજે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.

● પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે આજથી ચૂંટણી પસંદગી સમિતિની બેઠક શરૂ થશે.

● જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો અંગે જિલ્લા કલેક્ટર ડી.કે. પ્રવિણાએ સમીક્ષા બેઠક પોલીસ અને પ્રાંત અધિકારીઓ તેમજ ચૂંટણી અધિકારીઓ સાથે યોજી હતી.

● ગટરો ઉભરાવવાની સમસ્યા પુનઃ એકવાર વધવા પામી છે. આ અંગે સત્તાવાળાઓ સમક્ષ રજુઆતકર્તાઓની સંખ્યા પણ વધી ગઈ છે.

● પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સરગાસણ ખાતે રંગોળી સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ.

● માણસા પ્રજાપતિ સમાજ ટ્રસ્ટની સભા તાજેતરમાં માણસા ખાતે મળી હતી.

● સામાન્ય વહીવટ વિભાગે પાંચ નાયબ સચિવોની બદલીના હુકમો કર્યા છે.

● જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીનો ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારીને સોંપવાના હુકમો થયા છે.



ચોમાસા દરમ્યાન વન વિભાગ દ્વારા ઉછેરવામાં આવેલા વૃક્ષોને રક્ષણ મળે તે હેતુથી ફેન્સીંગ કરવામાં આવ્યુ છે. આ ફેન્સીંગના લોખંડના એંગલોની ચોરી થઈ રહી છે. ગ-૩ થી ગ-૨ જવાના માર્ગ પર સેક્ટર-૬ કોર્નર ઉપર લગાવેલી ફેન્સીંગના એંગલો ચોરાઈ ગયા છે. રાતના સમયે બિલ્લીપગે થતી આ ચોરીની જાણ તંત્રને પણ થઈ નથી રહી.

# સે-૭ માં બંધ મકાનમાંથી રૂ.૧.૩૭ લાખની ચોરી

**તસ્કરો ઘરમાંથી રૂ.૫૦ હજાર રોકડા તેમજ ચાંદીની વિવિધ ચીજવસ્તુઓ લઈ પલાયન, પરિવાર અંબાજી મંદિર દર્શાનાર્થે ગયો હતો, પોલીસ તપાસનો ધમધમાટ**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં તસ્કરો બંધ મકાન પર ત્રાટકી તરખાટ મચાવી રહ્યા છે. ત્યારે શહેરના સેક્ટર-૭ માં બંધ મકાનને નિશાન બનાવી રોકડા રૂ.૫૦ હજાર તેમજ ચાંદીની વિવિધ ચીજવસ્તુઓ મળી કુલ રૂ.૧.૩૭ લાખ મત્તાની ચોરી થવા પામી છે. અંબાજી ખાતે પરિવારના સભ્યો દર્શન કરવા માટે ગયા હતા, તે સમયે તસ્કરો ત્રાટકી હાહાકાર મચાવ્યો છે. જેથી સ્થાનિક રહીશોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. હેરમાં ઘરફોડ ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. દિવાળીના દિવસોમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં બંધ મકાનોને ચોર શખ્સોએ નિશાન બનાવ્યા છે. ચોર શખ્સો ગણતરીના સમયમાં સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ લઈ રફુચક્કર થઈ જાય છે. ત્યારે સેક્ટર-૭ એ પ્લોટ નં.૨૭૫-૧ ખાતે અજય ઠાકોરલાલ ગાંધી રહે છે. અજયભાઈ ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ (ભુજ) માં નાયબ જિલ્લા મેનેજર તરીકે વર્ષ ૨૦૧૮માં નિવૃત થયા છે.ગત તા.૩૦ ના રોજ બપોરના સુમારે અજયભાઈ પરિવાર સાથે અંબાજી દર્શન કરવા માટે ગયા હતા. અંબાજી ખાતે માતાજીના દર્શન કરી રાત્રી રોકાણ કરી બીજા દિવસે બપોરે ૨ વાગે તેઓ ગાંધીનગર પરત ફર્યા હતા. તે સમયે ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલી હાલતમાં જોતા તેઓ ચોંકી ઉઠ્યા હતા.જયારે બાજુના દરવાજાથી નકુચો ખોલી ઘરની અંદર સ્ટોર રૂમમાં લોખંડની ત્રણ તિજોરી હતી. ત્રણેય તિજોરી તોડી રૂમમાં સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. એક તિજોરીમાં જરુરી કાગળો, તેમજ બીજી તિજોરીમાં કપડા તેમજ પર્સ મુક્યા હતા.ત્રીજી તિજોરીમાંથી રહેલા રોકડા રૂ.૫૦ હજાર, તેમજ લોકરમાંથી ૭ જોડી ચાંદીની પાયલ, એક કમરબંધ તેમ બે જુડા, ચાર નાના બાળકોના કંદોરા,ત્રણ જોડી બાળકોના કડા, ચાર નંગ નાની ચાંદીની બંગડી, માતાજીના પગલા,ચાંદીનું નાનું શિવલીંગ મુકવાનું થડુ, ચાંદીના સિક્કા ૨૫ નંગ,પારણું, મંદિરમાંથી બે મૂર્તિ તેમજ અન્ય ૭ નંગ મૂર્તિઓ લેપટોપ બેગ સહિત દોઢ કિલો ચાંદીની વિવિધ ચીજવસ્તુઓ તેમજ રોકડ મળી કુલ રૂ.૧.૩૭ લાખ મત્તાની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



શહેરી વિસ્તારના પ્રશ્નો અનેક યોજનાઓ બનાવવા છતાં યથાવત રહ્યા છે. ગંદકીનો પ્રશ્ન તો કેમેય કરીને ઉકેલાતો નથી. સેક્ટર-૨૪ ઈન્દિરાનગર તરફ જતાં રોડ ઉપર ખૂબ ગંદકી જોવા મળી રહી છે. અહીં નજીકમાં જ આંગણવાડી હોવા છતાં સાફ-સફાઈ પ્રત્યે ધ્યાન આપવામાં આવતુ નથી.

## જિલ્લા પુરવઠા અધિકારી બદલાયા, ચિટનીસની ખાલી જગ્યા ભરી દેવાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી એ.આર. ઠક્કરની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ચૂંટણીઓને ધ્યાને રાખી બદલીના હુકમો કરવામાં આવી રહ્યા છે. આજે જારી કરાયેલા હુકમમાં નાયબ કલેક્ટર સંવર્ગના ત્રણ મહિલા અધિકારીઓની બદલી કરાઈ છે. ગાંધીનગર જિલ્લાના પુરવઠા અધિકારી સુશ્રી એ.આર. ઠક્કરને અર્બન ડેવલપમેન્ટ મિશનમાં જનરલ મેનેજર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે જ્યારે અમરેલીના પુરવઠા અધિકારી સુશ્રી શ્વેતા પંડ્યાને ગાંધીનગર પુરવઠા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. પુરવઠા અધિકારી દહેગામ વિધાનસાના ચૂંટણી અધિકારી પણ છે. દેવભૂમિ દ્વારકાના સુશ્રી ગ્રીષ્મા રાઠવાને નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી તરીકે જામનગરમાં મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત આજે સાંજે સરકારના મહેસુલ વિભાગે મામલતદારોની બદલીના હુકમો પણ જારી કર્યા છે. ૧૧ જેટલા મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. મહેસુલ વિભાગે કરેલ આ બદલીના હુકમમાં ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ચીટનીસની ખાલી જગ્યા પર ડી.કે. ધ્રુવની નિયુક્તી કરી છે. તે મહેસાણા ખાતે એડીશનલ ચીટનીસ તરીકે હતા અને કેટલાક સમયથી નિમણુંક માટે રાહમાં પણ હતા.

## સે. ૩-બીમાં ચંદ્રમુખી સોસાયટીમાં ગટરના પાણીથી તળાવ ભરાયુ

ગાંધીનગર, તા. ૨

સેક્ટર-૩-બી ચંદ્રમુખી સોસાયટીમાં છેલ્લા ૧૦ દિવસથી ગટરો ઉભરાઈ રહી છે. જેમાં વસાહતીઓના જણાવ્યા મુજબ જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી રહી નથી. વસાહતીઓની ફરિયાદનું યોગ્ય નિવારણ ન આવતા રોષે ભરાયા છે. છેલ્લા દસ દિવસથી ગટરો ઉભરાવવાના કારણે સોસાયટી આગળ તળાવ ભરાઈ ગયુ છે. દુર્ગંધના કારણે લોકોને પરેશાની થઈ રહી છે. દિવાળીના દિવસોમાં સોસાયટીમાં લોકોના ઘરોમાં મહેમાનોની અવર-જવર રહેતી હોવાથી તેવામાં આ ગંદકીના કારણે હેરાનગતિ ભોગવવાનો વારો આવ્યો હતો. લોકોને નાક-મોં બંધ કરીને ફરવાનો વારો આવ્યો છે. રોગચાળાની પણ ભીતિ સેવાઈ રહી છે. વસાહતીઓના જણાવ્યા મુજબ જો કોઈ નિવારણ નહી આવે તો સોસાયટીથી કચેરી સુધી રેલી-સરઘસ કાઢીને આવેદનપત્ર આપવા નીકળશે. તથા વધુમાં જો રોગચાળો ફેલાશે તો સમગ્ર જવાબદારી જવાબદાર કચેરીની રહેશે.

# શહેરમાં શરદી-ખાંસી અને તાવના દર્દીઓમાં વધારો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં દિવાળીના દિવસો બાદ શરદી-ઉધરસ અને તાવના દર્દીઓની સંખ્યામાં અચાનક ઉછાળો જોવા મળ્યો છે. જેને પગલે સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં દર્દીઓનો ધસારો વધી ગયો છે. જયારે ખાનગી કલીનીકમાં પણ દર્દથી કણસી રહેલા દર્દીઓની લાંબી લાઈનો જોવા મળે છે.

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં મેડીસીન ઓપીડીમાં અચાનક ઉછાળો જોવા મળ્યો છે. દિવાળીના દિવસો પછી વાઈરલ ફીવરના કેસની સંખ્યા વધી ગઈ છે. સામાન્ય દિવસમાં સિવિલની ઓપીડી કરતા દર્દીઓ બમણા થઈ ગયા છે. સવારથી મેડીસીન ઓપીડીમાં લાંબી લાઈનો લાગે છે. જયારે મેલેરીયા, ટાઈફોઈડ ના દર્દીઓમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. તહેવારના દિવસોમાં હોસ્પિટલ માં દર્દીઓની સંખ્યા નોંધનીય હતી.જયારે ત્યારબાદ હાલ વોર્ડમાં દર્દીઓ વધવા લાગ્યા છે. જયારે ગાંધીનગર મેડીકલ કોલેજમાં ડોકટર્સનું દિવાળી વેકેશન ચાલી રહ્યું છે. જેથી ઓપીડીમાં ભીડ વધતા ડોકટરોની પણ અછત વર્તાય છે.

## ભાટ નવી પાણીની ટાંકી પાસેથી બે જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ભાટ ગામે નવી પાણીની ટાંકી પાસે બહુચર પાન પાર્લરની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં બાજી માંડી બેઠેલા બે જુગારીઓને અડાલજ પોલીસે દબોચી લીધા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૧,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે ભાટ ગામ પાસે આવતા ખાનગી રાહે તેઓને બાતમી મળી હતી કે નવી પાણીની ટાંકી પાસે બહુચર પાન પાર્લરની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમે છે. જેથી પોલીસે સ્થળ પર દરોડો પાડી જુગારની બાજી માંડીને બેઠેલા ભાટ ગામના ઠાકોરવાસ ખાતે રહેતા વિજય ઉમેદજી ઠાકોર અને અક્ષય અમરસિંહ ઠાકોરને પોલીસે પકડી પાડ્યા હતા. જયારે પોલીસને દાવ પરથી રોકડા રૂ.૨ હજાર તેમજ અંગજડતી દરમિયાન રૂ.૯,૨૦૦ મળી કુલ રૂ.૧૧,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## માણસાના આજોલમાં કોરોનાનો કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક કોરોનાનો કેસ નોંધાયો છે. શહેરમાં આજે કોરોનાનો કેસ નોંધાયો નથી. શહેર-જિલ્લામાં કોરોનાના કેસો છુટાછવાયા મળવાના શરૂ થતાં તંત્રમાં ચિંતાની લાગણી ઉભી થવા પામી છે. કોરોનાના કેસો લોકલ ટ્રાન્સમિશનથી થઈ રહ્યા છે. જો કે હળવા લક્ષણો દર્દીઓ ધરાવતા હોવાથી હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત જરૂર છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક કેસ નોંધાયો છે. માણસા તાલુકાના આજોલ ગામે ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૩એ દર્દી માણસા તાલુકાના છે. તંત્રએ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૭૧ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે. શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવી રેટ ૦.૫૦ ટકા છે. જો કે છુટાછવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત વેક્સિનેશન સઘન કરવા તંત્રને સૂચનાઓ આપી છે.

## ચિલોડા અને શિહોલી મોટી ગ્રામ પંચાયત ખાતે મોરબી હોનારતના મૃતકોને શ્રદ્ધાંજલિ અપાઈ

ચિલોડા, તા. ૨



ગુજરાત રાજયના મોરબી ખાતે ૩૦મી ઓક્ટોબરના રોજ સાંજે પાંચ વાગે કેબલ બ્રીજ ઝૂલતા પુલ તુટી પડતાં હોનારત સર્જાતાં મૃતકોને શ્રદ્ધાંજલિ અને પ્રાર્થનાસભાનું આયોજન ચિલોડા ગ્રામ પંચાયત, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર, ચિલોડા કાનૂની કલીનીક તથા શિહોલી મોટી ગ્રામ પંચાયતમાં મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. યોજાયેલા કાર્યક્રમમાં ચિલોડા ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પી.એલ.વી. નટુભાઈ પટેલની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભામાં બે મિનિટ મૌન પાળી તથા જીવન અંજલિ થાજો મારૂ જીવન અંજલિ થાજો તે પ્રાર્થના દ્વારા શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના સભ્યો, આરોગ્ય કર્મીઓ તથા આશા વર્કર બહેનો હાજર રહી હતી. શિહોલી ગ્રામ પંચાયત ખાતે સરપંચ પરબતસિંહ એમ. ઠાકોરની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભા અને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો.



મોરબી જળ હોનારતમાં અવસાન પામેલા નાગરિકોને શ્રદ્ધાંજલિ આપવા સેક્ટર-૪ ઓમકાલેશ્વર મહાદેવ મંદિર ખાતે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૮ના કોર્પોરેટરો તથા નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને મૃતકોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# રાજયમાં નવા ૧૨૭ ફરતા પશુ દવાખાના શરુ કરાશે

**ગુજરાતના પશુપાલકો માટે સારા સમાચાર ૧૨૭૦ ગામોમાં વિનામૂલ્યે પશુ સારવાર ઉપલબ્ધ થશે, રાજ્યમાં ૧૦ ગામ દીઠ ૧ મોબાઈલ પશુ દવાખાના યોજના અમલી**

ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં વર્તમાન પશુ આરોગ્ય સેવાઓના વિસ્તૃતિકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ તબકકામાં ૧૨૭ નવા ફરતા પશુ દવાખાનાઓ મંજુર કરવામાં આવ્યા છે. જે રાજ્યના ૧૨૭૦થી વધુ ગામોમાં ઓન કોલ ઈમરજન્સી ધોરણે અને રૂટના ગામોમાં ગામ બેઠાં પશુપાલકોને વિના મુલ્યે પશુસારવાર ઉપલબ્ધ થશે. જેથી પશુઓની આરોગ્યમાં વધુ સુધારો થતા દૂધ ઉત્પાદન વધશે અને પરિણામે રાજયના પશુપાલકો ની સુખાકારી અને સમૃદ્ધિમાં વધારો થશે તેમ પશુપાલન મંત્રીશ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાતમાં હાલમાં શહેરી વિસ્તારમાં ૩૭ “કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ- ૧૯૬૨” તથા “૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના યોજના” હેઠળ કુલ ૪૬૦ જેટલા ફરતા પશુ દવાખાનાઓ પીપીપીના ધોરણે ૧૯૬૨- ઈએમઆરઆઈ મારફતે વિનામૂલ્યે સેવા આપી રહ્યા છે. “કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨” દ્વારા રાજ્યના કુલ ૩૧ શહેરોમાં નધણિયાતા પશુઓને ઈમરજન્સી ધોરણે સારવાર આપવામાં આવે છે જ્યારે ૪૬૦ મોબાઈલ પશુ દવાખાના થકી રાજ્યના ૫૨૯૮ ગામોમાં ઓન કોલ ઈમરજન્સી ધોરણે અને રૂટના ગામોમાં ગામ બેઠા પશુપાલકોને વિના મુલ્યે પશુસારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે મંત્રીશ્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, ગુજરાત સરકારના સફળ અમલીકરણના ધોરણે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં ફરતા પશુ દવાખાનાની યોજના અમલમાં મુકવામાં આવી છે. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા વાહન ખરીદી સહિતના કેપિટલ ખર્ચ માટે ૧૦૦ ટકા સહાય જયારે કે એકમો ચલાવવા માટેના ઓપરેશન ખર્ચના ૬૦ ટકા કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા રાજય સરકારન ધોરણે સહાય આપવામાં આવે છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અગાઉના ૩૭ “કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨” તથા ૪૬૦ ફરતા પશુદવાખાના ઓના ધોરણ મુજબ પીપીપીના ધોરણે ૧૯૬૨-ઈએમઆરઆઈ મારફતે વધુ ૧૨૭ ફરતા એકમો પણ કાર્યરત કરવામાં આવશે. ૧૨૭ નવા ફરતા પશુ દવાખાના માટે કેપિટલ ખર્ચ પેટે રૂ. ૮.૯૮ કરોડ જયારે ઓપરેશન ખર્ચ માટે દર વર્ષે રૂ. ૧૭ કરોડની જોગવાઈ મંજૂર કરવામાં આવી છે. મંત્રીએ કહ્યું હતું કે, આ યોજનાના તમામ વાહનોમાં જીપીએસની સુવિધા હોવાથી ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના ડેશબોર્ડ મારફતે યોજનાનું રીયલ ટાઈમ મોનિટરીંગ પણ કરવામાં આવશે.

## રાજયના ૧૨ ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલી

**સરકારના વિવિધ વિભાગમાં બદલીનો દોર યથાવત : એન એન ચૌધરીને અમદાવાદના ટ્રાફિકને એડિ. કમિશનરની જવાબદારી**

ગાંધીનગર,તા.૨

વિધાનસભાની ચૂંટણી પહેલા સરકારના વિવિધ વિભાગમાં બદલીનો દોર યથાવત છે. ચૂંટણીની જાહેરાત પહેલા વધુ એક વાર બદલીનો ધમધમાટ શરૂ થયો છે. ચૂંટણીની જાહેરાતના કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયા છે ત્યારે બદલી અને બઢતીના આદેશોની વણજાર અવિરતપણે ચાલું છે. વિધાનસભાની ચૂંટણીની જાહેરાત પહેલા વધુ 12 IPS અધિકારીઓની બદલીના આદેશ અપાયા છે. અગાઉ પણ ગૃહ, મહસૂલ સહિતના વિભાગોમાં બદલીનો ધમધમાટ થયો હતો. ત્યારે વધુ ૧૨ આઈપીએસ કક્ષાના અધિકારીઓની બદલી થઈ છે.

વિધાનસભાની ચૂંટણીની જાહેરાત પહેલા 12 IPS અધિકારીઓની બદલીના આદેશ અપાયા છે. એન એન ચૌધરીને અમદાવાદના ટ્રાફિકને એડિ. કમિશનરની જવાબદારી સોંપાઈ છે તેમજ એ S ચૌહાણને સ્ટેટ પોલીસ એકેડમી કરાઈની જવાબદારી આપવામાં આવી છે. આર ટી સુસરાને હજીરામાં મરિન ટાસ્કફોર્સના SP બનાવાયા છે. ઉષા રાડાને SRP ગૃપ ૧૧ની જવાબદારી સોંપાઈ છે. મુકેશ પટેલને CID ક્રાઈમમાં DIG તરીકે બદલી કરાઈ છે.

પિનાકિન પરમારને સુરતના DCP ઝોન ૩ની જવાબદારી સુપરત કરાઈ છે. બળદેવસિંહ વાઘેલાને અમદાવાદ શહેર ટ્રાફિકમાં DCPની જવાબદારી આપવામાં આવી છે.

હેતલ પટેલને સુરત સ્પેશિયલ બ્રાંચના DCP બનાવાયા છે. કોમલ વ્યાસને અમદાવાદ કંટ્રોલરૂમમાં જવાબદારી સોંપવામાં આવી છે. કાનન દેસાઈ અમદાવાદ ઝોન-૪ના નવા DCP ની બદલી કરાઈ છે. ભક્તિ ઠાકર સુરત ઝોન-૧ના નવા DCP બનાવાયા છે.